# પૂ.લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૨૫, સમયસાર ગાથા ૨૯૭, શ્લોક-૧૮૨, તા. ૫-૧૦-૮૭

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. સમયસાર એટલે શુધ્ધાત્માને બતાવનારું શાસ્ત્ર તેને સમયસાર શાસ્ત્ર કહેવામાં આવે છે. એમાં મોક્ષનો અધિકાર છે. મોક્ષ એટલે પૂર્ણ આનંદની પ્રાપ્તિ, પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ એને મોક્ષદશા કહે છે. એ મોક્ષની ઉત્પત્તિ કેવી રીતે થાય, કયા પ્રકારની ક્રિયા કરવાથી જીવનો મોક્ષ થઈ જાય. બંધ ન થાય અને મોક્ષ થાય.

ભાવકર્મ, દ્રવ્યકર્મથી બંધાવાનું છૂટી જાય અને શુધ્ધાત્માના અનુભવથી મોક્ષ થાય. તો એ મોક્ષની ક્રિયા શું છે? કઈ ક્રિયા કરવાથી આત્માને આત્માની મુક્તિ થાય. એવો શિષ્યનો એક પ્રશ્ન છે. શિષ્યે પ્રશ્ન એમ કર્યો કે પ્રજ્ઞા વડે એટલે અંતર્મુખ જ્ઞાન વડે મારા શુધ્ધાત્માને અને બંધને એટલે કે રાગને મેં જુદા કર્યા. મને સમ્યગ્દર્શન તો પ્રગટ થઈ ગયું. હવે મારો પ્રશ્ન ચારિત્રનો છે. કેમ કે સમ્યગ્દર્શન છે એ મોક્ષનું પરંપરા કારણ છે. સીધું કારણ નથી. અને ખરેખર મોક્ષનું કારણ તો ચારિત્રદશા છે. તો હવે મોક્ષને માટે જે ચારિત્રદશા પ્રગટ થાય એ મોક્ષના કારણરૂપ ક્રિયા શું છે એ કૃપા કરીને મને સમજાવો. એવો એક પ્રશ્ન છે.

એને ઉત્તર આપે છે કે **પ્રજ્ઞા વડે** એટલે અંતર્મુખ જ્ઞાન વડે **આત્માને એમ જાણવો કે ચેતનારો તે હું છું,** જે દેખનારો તે હું, જાણનારો તે હું છું અને બાકીના જે બધા આ ભાવો પ્રગટ થાય છે રાગ, દ્વેષ, મોહના, ક્રોધ, માન, માયા, લોભના પરિણામો તે પરિણામો મારાથી ભિન્ન છે. પુણ્ય-પાપ, આસ્રવતત્ત્વ મારાથી ભિન્ન છે અને હું તો એક ચેતનારો, દેખનારો, જાણનારો આત્મા છું. એમ પ્રજ્ઞા વડે તમે જાણો. જ્ઞાન વડે જ્ઞાયકને જાણો. જ્ઞાન વડે તમારા આત્માને તમે જાણો. તમારા જ્ઞાન વડે શ્રી ગુરુ ફરમાવે છે (કે) તમારા જ્ઞાન વડે અમને જાણશો તો તમારો મોક્ષ થવાનો નથી. આ સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું, તીર્થંકર પરમાત્માની વાણીમાં આવ્યું કે તમારા જ્ઞાન વડે તમારા શુધ્ધાત્માને તમે જાણો અને તેમાં લીન થાઓ. જ્યાં સુધી તમારા જ્ઞાન વડે અમને જાણશો, અમારું લક્ષ રહેશે ત્યાં સુધી મોક્ષ થવાનો નથી.

એ કહે છે કે બાકીના જે ભાવો છે તે મારાથી પર છે. સંકલ્પ ને વિકલ્પની જાળ ઊઠે છે, આ પાંચ મહાવ્રતના પરિણામ જે પ્રગટ થાય છે તે ભાવો મારા નથી. ત્યારે મારી ચીજ શું છે? મારો તો એક

શુધ્ધાત્મા જે ચેતનારો છે તે હું છું, મારી વસ્તુ શું છે એનો નિર્ણય કરવાનો છે. આ જગતમાં મારી વસ્તુ શું છે? મકાન મારા છે, બંગલા મારા, મોટર મારી, ઘર મારું, આ શરીર મારું, આઠ કર્મ મારા, રાગ મારો. મારી ચીજ શું છે એ શોધી કાઢો. એનો જવાબ આપે છે કે તારો શુધ્ધાત્મા એક તારા જ્ઞાન વડે તું જાણ. એ મોક્ષનો માર્ગ અને મોક્ષનો ઉપાય છે. કરવું તો આત્માના સ્વભાવમાં છે જ નહીં. જાણવું આત્માના સ્વભાવમાં છે એમ કહેશે. ટીકા. અડધી તો થઈ ગઈ છે. ફરીથી.

**'નિયત સ્વલક્ષણને અવલંબનારી'** એટલે આત્માનું સ્વ પોતાનું લક્ષણ ચૈતન્ય છે. એને અવલંબનારી **પ્રજ્ઞા વડે** એટલે જ્ઞાન વડે, આત્મજ્ઞાન વડે, અતીન્દ્રિયજ્ઞાન વડે **જુદો કરવામાં આવેલો જે ચેતક,** પુણ્ય ને પાપના પરિણામથી ભિન્ન. શુધ્ધાત્માને અનુભવમાં લીધો, જુદા કરવામાં આવ્યો. **જે ચેતક** એટલે ચેતનારો તે આ હું છું, જે રાગથી ભિન્ન પાડીને જે અંદરમાં જ્ઞાનમય, દર્શનમય આત્મા છે તે હું છું.

**અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય,** અચેતન લક્ષણથી લક્ષ્ય **બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી,** કાલ દૃષ્ટાંત આપ્યું હતું કે પાણી શીતળ છે એ અગ્નિમાં તો ફેલાતું નથી. પણ અગ્નિના નિમિત્તે પાણીની ઉષ્ણ અવસ્થા થઈ એ ઉષ્ણ અવસ્થામાં પણ શીતળ પાણીનો પ્રવેશ થતો નથી. એમ વ્યાપકના વ્યાપ્ય નહીં થતાં હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે. મારા શુધ્ધાત્માથી આખું જગત ભિન્ન છે. મારે અને જગતને કાંઈ લેવા-દેવા નથી. ત્યારે એને જગત તો રહેશે, દેહ રહેશે, કર્મ રહેશે, રાગ રહેશે પણ એના પ્રત્યેની મમતા છૂટી જાશે. કે આ પરભાવ મારા છે, પરદ્રવ્યો મારા છે એવો જે મોહ, મિથ્યાત્વ, અજ્ઞાન એ છૂટી જશે.

**એ ભાવો મારાથી અત્યંત** સર્વથા **ભિન્ન છે.** પુણ્ય-પાપ સર્વથા ભિન્ન છે માટે પુણ્ય-પાપનો આત્મા કરનાર નથી પણ આત્મા જ્ઞાનનો કરનાર છે અને પુણ્ય-પાપ થાય એનો જાણનાર છે. સાધક અવસ્થામાં, નીચલી ભૂમિકામાં ગૃહસ્થીને અવિરત સમ્યગ્દષ્ટિને, પુણ્ય ને પાપના પરિણામ થાય ખરા, પંચમ ગુણસ્થાને શ્રાવકને પાપના પરિણામ ઓછા અને પુણ્યના પરિણામ વધારે, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને મુનિરાજને એકલા પુણ્યના શુભના ભાવ થાય, અશુભ ન થાય. એ ભાવો થાય ખરા પણ હું એનો કરનાર નથી. હું જ્ઞાનનો કરનાર છું અને પુણ્ય-પાપ થાય એનો જાણનાર છું. એનો જાણનાર છું એમ કહેવું તે પણ વ્યવહાર છે. હું તો મને જાણું છું એ નિશ્ચય છે.

**મારાથી અત્યંત ભિન્ન છે. માટે,** અહીંયા સુધી આપણે આવ્યા હતા. **માટે હું જ,** હું જ એટલે કર્તા, જો પ્રજ્ઞા વડે કહ્યું હતું એ ભેદ ઉપચારને હવે અભેદ ઉપચાર કરે છે. કે પ્રજ્ઞા એટલે જ્ઞાનની

પર્યાય વડે આત્માને જાણ્યો, તો જ્ઞાનની પર્યાય વડે આત્માને જાણ્યો તે ભેદનું કથન થયું. રાગ વડે તો આત્મા જણાતો જ નથી. પુણ્યના પરિણામ વડે તો આત્માનો અનુભવ થઈ શકતો જ નથી. પણ જ્ઞાન વડે પર્યાય વડે આત્મા જણાય છે એ પણ ભેદ એટલો પડયો પર્યાયનો.

એ પર્યાયના ભેદને પણ આત્મામાં અભેદ કરીને આત્મા આત્માને જાણે છે. પર્યાય આત્માને જાણે છે એને બદલે હવે આત્મા આત્માને જાણે છે. એટલે ભેદ ઉપચારનો અભાવ કરીને અભેદ ઉપચારમાં આવે છે. માટે હું જ, એટલે કર્તા. આત્મા પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે માટે કર્તા છે. રાગ-દ્વેષનો કર્તા આત્મા નથી. આત્મા જ્ઞાનની પર્યાયનો કર્તા છે. એ ભેદનું કથન થયું. આત્મા જ કર્તા છે અને આત્મા જ કર્મ છે એ અભેદનું કથન છે. આ મૂળ વાત, પાયાની વાત જગતના જીવોને ભગવાન મહાવીરે કહેલી વાત મળે નહીં એટલે આડે અવળે રસ્તે ચડી જાય ને મૂળ આત્માનો અનુભવ રહી જાય.

**માટે હું જ** કર્તા. **મારા વડે જ,** જુઓ! રાગ વડે નહીં. અને પ્રજ્ઞા વડે નહીં. મારા વડે જ એમ. પરિણામને અભેદ કરીને પરિણામી થઈ ગયો. ભેદ અપેક્ષાએ જ્ઞાન વડે આત્મા જણાય. અભેદ અપેક્ષાએ આત્મા વડે આત્મા જણાય. અને એનાથી આગળ અભેદ અનુપચાર, આહાહા! જ્ઞાત તે તો તે જ છે. જ્ઞાયક તો જ્ઞાયક છે, બસ.

**મારા વડે જ,** આહા! શ્રી ગુરુ વડે આત્મા ન જણાય. શાસ્ત્રના જ્ઞાન વડે ન જણાય. શાસ્ત્રનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી. આત્માના જ્ઞાન વડે જણાય એ પણ ભેદરૂપ વ્યવહાર થયો. આત્મા આત્માને જાણે છે એ પણ અભેદરૂપ વ્યવહાર છે. અભેદ ઉપચાર. **મારા વડે જ,** આત્મા વડે જ. મારા વડે એટલે આત્મા વડે જ, **મારા માટે જ,** આ ધર્મની ક્રિયા હું કોના માટે કરું છું? મારા માટે. મારા સુખને માટે કરું છું. જે ધાર્મિક ક્રિયા કોઈ પણ જીવ કરે એનું ફળ સુખ એને જ લાગે. કુટુંબ, કબીલાને કાંઈ એનું ફળ લેવા-દેવા ન આવે. પોતે પોતાને માટે જાણે છે. ધર્મ કરવો છે પોતા માટે કરવો છે.

**મારા વડે જ,** કર્મ. **મારા માટે જ,** આહા! હું મારા આત્માને મારા આત્મા વડે જાણું છું, શેના માટે જાણું છું? કે મારા આત્મા માટે જાણું છું. કેમ કે મારા આત્માને જાણતા મારામાં સુખ પ્રગટ થાય એ સુખનો ભોગવટો મને આવે છે. હું સુખ માટે મારા આત્માને જાણું છું. દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે, પોતાનો આત્મા આત્માને જાણે છે ત્યારે.

**મારા માટે જ, મારા માંથી જ,** એ અપાદાન છે. છ પ્રકારના કારક છે, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ-આધાર. ક્રિયાના છ કારકો છે. **મારામાંથી જ** એટલે અપાદાન. સ્વશક્તિમાંથી આ જાણવાની ક્રિયા આવે છે. જાણવાની ક્રિયા, આત્માને જાણવાની ક્રિયા શાસ્ત્રમાંથી

નથી આવતી. સૂર્યનો પ્રકાશ સૂર્યમાંથી આવે છે. સૂર્યનો પ્રકાશ પૃથ્વીમાંથી મકાનમાંથી આવતો નથી. પ્રકાશનો પુંજ જે સૂર્ય છે એ શકિતરૂપ છે. એની વ્યકતદશા પ્રગટ થાય તેને સૂર્યનો પ્રકાશ કહેવામાં આવે છે. પૃથ્વીનો પ્રકાશ ન કહેવાય. પ્રકાશ સૂર્યનો હોય.

એમ જ્ઞાન જયાંથી આવતું હોય એ જ્ઞાન એનું છે. જ્ઞાન આત્મામાંથી આવે છે. જ્ઞાન કયાંય બહારના પદાર્થ-જ્ઞેયપદાર્થમાંથી આવતું નથી. **માટે મારામાંથી જ,** આહાહા! **મારામાં જ,** એટલે આધાર. મારા જાણવાની ક્રિયાનો આધાર મારો આત્મા છે. આત્મા, આત્મા વડે આત્માને જાણે છે એમાં આધારભૂત કોણ વસ્તુ છે? આત્મા જ આધાર છે. આત્માને આત્માનો આધાર છે.

કે આત્માને શરીરનો આધાર છે? તો કહે ના. આત્માને આઠ કર્મનો આધાર છે? તો કહે ના. આત્માને પાંચ મહાવ્રત કે દેશવ્રતના પરિણામ શુભરાગ એના આધારે આત્મા છે? તો કહે ના. આત્માને આત્માનો આધાર છે. આત્માને આકાશનો આધાર નથી. સિધ્ધભગવાન લોકના અગ્રભાગે બિરાજમાન છે. અનંતા સિધ્ધો અત્યારે છે. આપણા મસ્તક ઉપર બિરાજમાન છે. અહીંથી સમશ્રેણીએ સિધ્ધ થયા છે. નવકરોડ મુનિઓ અહીંથી મોક્ષ ગયા છે. આ એવી જગ્યા છે. આ જગ્યા છે ને ગજપંથાની એ નવસો કરોડ સાધુ અહીંથી મોક્ષ સીધા પધાર્યા છે. એવી આ ભૂમિ છે.

કહે છે કે એ સિધ્ધપરમાત્મા બિરાજમાન છે તો એ કોને આધારે ત્યાં રહ્યા હશે? આકાશને આધારે. બીજુ તો કાંઇ ત્યાં છે નહીં. શરીર નથી, મકાન નથી. કાંઇ નથી. કોના આધારે. એને કોઇના આધારની જરૂર નથી.એક અભિન્ન આધાર નામની આત્મામાં શકિત છે. આધેય પણ આત્મા અને આધાર પણ આત્મા. તત્ત્વની વાત વહી ગઇ અને ક્રિયાકાંડ રહી ગયા. આહાહા! જે સ્વરૂપ સમજયા વિના પામ્યો દુઃખ અનંત. પહેલામાં પહેલી લીટી શ્રીમદ્જીએ કહી કે પોતાના સ્વરૂપને ભૂલીને સમજયા વિના એ દુઃખ પામે છે. જયારે સ્વરૂપને પામશે ત્યારે સુખ થશે.

માટે હું, કહે છે **મારામાં જ,** આધાર. **મને જ ગ્રહણ કરું છું,** આહા! મને જ જાણું છું, હું **મારા વડે જ,** મને જ જાણું છું. હું મારા વડે છ દ્રવ્યને જાણું છું ભગવાને કહેલા, એમ નહીં. હું મારા વડે જ દેવ-ગુરુ ને શાસ્ત્રને જાણું છું એમ નથી. હું મારા વડે નવતત્ત્વને જાણું છું એમ નથી. હું મારા વડે જ મને જાણું છું. આ ક્રિયા, ધાર્મિક ક્રિયા. તમે ક્રિયાને માનો છો કે નહીં? હા. 'જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ' આત્માનું જ્ઞાન ને આત્મામાં રમણતા એને પરમાત્મા ચારિત્રની ક્રિયા કહે છે. કહે છે કે **મને જ ગ્રહણ કરું છું.** ગ્રહણ કરું એટલે? કોઇ પદાર્થને પકડવો નથી. બહારથી કોઇ પદાર્થને પકડવો નથી. ગ્રહણ કરવો એટલે જાણવું. હું મને, મારા વડે, મને જ જાણું છું.

હવે આગળ. **આત્માની ચેતના જ એક ક્રિયા હોવાથી,** જાણવાની જ એક ક્રિયા થાય છે

આત્મામાં. આત્મામાં રાગ-દ્વેષની ક્રિયા થાતી જ નથી. અને આત્મામાં રાગ-દ્વેષની ક્રિયા થાય છે એમ જેને ભાસે છે એ અજ્ઞાની મિથ્યાદષ્ટિ જીવ છે. આત્મામાં જ્ઞાન થાય છે. આહા! એ જ્ઞાનને ભૂલી ગયો અને મારામાં ક્રોધ થાય છે એ અજ્ઞાની મિથ્યાદષ્ટિ થઈ જાય છે.

કહે છે કે 'આત્મા જ્ઞાનમ સ્વયં જ્ઞાનમ જ્ઞાનાઅન્યત કરોતિ કીમ, પરભાવસ્ય કર્તાત્મા મોહોયમ વ્યવહારિણમ' હું રાગ-દ્વેષને કરું છું એવી મિથ્યાબુધ્ધિ અજ્ઞાનીને છે. ભેદજ્ઞાન થઈને અનુભવ થયો, તો જ્ઞાની કહે છે કે હું તો જાણવાની ક્રિયા મારામાં થાય છે. રાગની ક્રિયાને પણ જાણું પણ રાગની ક્રિયાને કરું નહીં. હલતા હાથને જાણું પણ હલતા હાથને હલાવું નહીં. હાલતી મોટર-ચાલતી મોટરને ચાલે છે એમ જાણું પણ હું ચલાવું નહીં. એમ બહેનો રોટલી થાય એને જાણે, રોટલી કરે બરે નહીં.

આજ સુધી કોઈ માતાએ રોટલી કરી નથી. આજ સુધી કોઈ કુંભારે ઘડો કર્યો નથી. આજ સુધી કોઈ ડ્રાઈવરે મોટર ચલાવી નથી. આજ સુધીમાં ઈલેકટ્રીકથી પંખો ફર્યો નથી. ઈલેકટ્રીકથી પંખો ફરતો જ નથી. ઈલેકટ્રીકનું નિમિત્ત જોઈને ભ્રાંતિ થઈ ગઈ છે કે આ ઈલેકટ્રીકથી ફરે છે. પોતાની હાજરી દેખીને મોટર જાણે હું ચલાવું છું. ભ્રાંતિ છે. અભિમાન થયું મોટું. આહા! આ દુકાનનો વહીવટ મારાથી ચાલે છે. મરી ગયો. અજ્ઞાન છે એ. આહા! દુકાનનો વહીવટ સ્વયં ચાલે છે એનો હું જાણનાર છું. એનો પણ જાણનાર ખરેખર નથી. હું તો જાણનારને જાણું છું. આહાહા! ત્યારે અંદરમાં આત્મદર્શન થાય. આહા!

આત્મદર્શન વિના ભવનો અંત ત્રણકાળમાં આવે એમ નથી. ચત્રભૂજભાઈ! આ ત્રણલોકના નાથે કરેલી વાત ભગવાન મહાવીરે કરેલી વાત છે. ગૌતમ ગણધરે ઝીલી અને એની પરંપરામાં શાસ્ત્રો લખાણા છે. બે હજાર વર્ષ પહેલાં તાડપત્રમાં લખેલા શાસ્ત્રો છે. આહા!

મુમુક્ષુ :- સાહેબ! આનાથી કાંઈ સહેલું કરો ને!

ઉત્તર :- સહેલુ એ કે આત્માને જાણવું એ સહેલું છે. પરને હું કરું છું એમ માનવું તે અજ્ઞાન છે. એના માટે સહેલા માટે ગુરુદેવ દાખલો આપતા હતા. કે શીરો બનાવવાનો હોય ને શીરો તો શીરો બનાવે તો અત્યારે ઘી બહુ મોંઘુ થઈ ગયું. કોઈ બાઈને એમ થયું કે આ ઘી વધારે પી જાય છે લોટ, ઘી તો નાખવું છે એના કરતા એમ કે લોટમાં શેકવાને બદલે ગોળના પાણીમાં લોટ શેકીએ. ગોળના પાણીમાં લોટ શેકીએ ને પછી જાતુ-વળતુ થોડુક ઘી છાંટો નાખીએ તો શીરો થઈ જાય. એ લોપરીમાંથી પણ જાશે. લોપરી પણ નહીં થાય. શીરાની વિધિ તો લોટને ઘઉંના લોટને ચોખ્ખા ઘીમાં શેકવાનો. અને શેકાઈ જાય પછી સાકર નાખે, ગોળના પાણી માથે નાખે તો હલવો-શીરો બને. બાકી કોઈ શીરો બને નહીં.

આ સહેલું કરો ને કાંઈક. સહેલું કરવા જાશે તો સંસાર ઊભો રહેશે. આહાહા! સહેલું કરવા ગયો. આટલા પુણ્ય કરો, દાન કરો, શીયળ કરો, તપ કરો, બ્રહ્મચારી, આ બ્રહ્મચારી એ બધા શુભભાવ છે

ભાઈ. એ બંધનું કારણ છે. એ લોઢાની બેડી નથી પણ સોનાની બેડી છે. પાપના પરિણામ છે એ લોઢાની બેડી અને પુણ્યના પરિણામ છે એ સોનાની બેડી છે. જીવ બંધાય છે એમાં, એમાં મુકાતો નથી. એ પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન આત્માને જયારે જાણે ત્યારે એને આત્મદર્શન થાય છે. તેને અન્યમતિ આત્મસાક્ષાત્કાર કહે છે. અન્યમતિ શબ્દ વાપરે છે કે આત્મસાક્ષાત્કાર. આત્મસાક્ષાત્કાર કહો, આત્મદર્શન કહો, સ્વાનુભવદશા કહો, અનુભૂતિ કહો બેય વાત એક જ છે.

આ ગૃહસ્થ અવસ્થામાં થાય? હા, ગૃહસ્થ અવસ્થામાં થાય. અવિરત સમ્યગ્દષ્ટિ, વ્રત નથી, નિયમ નથી, કાંઈ પચ્ચખાણ નથી. છતાં તેને સમયે સમયે નિર્જરા થાય છે. નિર્જરા થાય છે, હોં! એ બંધાતો નથી. તીર્થંકર પરમાત્મા ગૃહસ્થ અવસ્થામાં હતા, શાંતિનાથ ભગવાન ચક્રવર્તી, બોલો! તોપણ એ બંધાતા નહોતા પણ નિર્જરા થાય છે. શ્રદ્ધાનું બળ છે. એ જળ-કમળવત્ત સ્થિતિ છે એની. પાણીમાં જેમ કમળનું પાંદડું ડૂબેલું દેખાય પણ એના રૂંવાંટા એવા છે કે પાણીથી કમળપત્ર ભીંજાતું નથી, લેપાતું નથી. એમ સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ અવસ્થામાં હોય રામચંદ્રજી-સીતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હતા. આહા! પણ એ પાણીમાં જેમ કમળ હોય એમ એ લુખ્ખા પરિણામ છે. એમ રાગથી સાધક લેપાતો નથી. અહીંયા કહે છે કે એવી સ્થિતિ ગૃહસ્થ અવસ્થામાં ચતુર્થ ગુણસ્થાને અવિરત સમ્યગ્દષ્ટિને થાય છે. પછી પંચમગુણસ્થાન એ તો એના કરતાં હાયર સ્ટેઈજ છે. એ અંશે ચારિત્ર થયું અંશે. અને સર્વાંશે ચારિત્ર તો એ મુનિરાજને એ જંગલમાં જ રહે, મુનિ ગામમાં ન રહે. દિગંબર મુનિઓ અત્યારે ગામમાં રહે છે, એ સાધુ નથી, નગ્ન. હોં! પણ સાધુ ફાધુ નથી. આહા! સાધુ થયો તો સિદ્ધ થયો. સાધુની દશા નિરંતર આત્માને સાધે તેને સાધુ કહેવામાં આવે છે. રાગને સાધે તે સાધુ નથી.

કહે છે કે **આત્માની ચેતના જ એક ક્રિયા હોવાથી,** જુઓ! આમાં આ વાત ઉપર વજન છે. જાણવાની જે ક્રિયા થાય છે આત્મામાં. એ જાણવાની ક્રિયામાં શ્રદ્ધાની ક્રિયા અને ચારિત્રની ક્રિયા અંદરમાં અભેદ આવી જાય. એક જ્ઞાનની અંદર બધા ગુણોની અંતર્મુખ ક્રિયા આવી જાય છે. કે **ચેતના જ,** ચેતવું એટલે જાણવું-દેખવું. એક ક્રિયા હોવાથી, એક જાણવાની ક્રિયા અને બીજી રાગની ક્રિયા બે મળીને મોક્ષમાર્ગ થાય? તો કહે ન થાય. જાણવાની ક્રિયા પણ કરો અને રાગની ક્રિયા પણ કરો. રાગ હોય ખરો પણ એ મોક્ષનો માર્ગ નથી. એ બંધનો માર્ગ છે. અને આત્માને જાણે, દર્શન કરે અને શ્રદ્ધા કરે અને ચારિત્ર એ મોક્ષનો માર્ગ અંદરમાં **પ્રગટ થાય છે.**

**ચેતના જ એક ક્રિયા હોવાથી,** અનાદિઅનંત હોવાથી, થવાથી નહીં. અનાદિઅનંત આત્માનું જ્ઞાન, આત્માનું શ્રદ્ધાન અને આત્માનું આચરણ એ ક્રિયા છે. બાકી બીજી કોઈ મોક્ષમાર્ગની ક્રિયા છે નહીં. **...હોવાથી, 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું'**. 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું

જ છું', ચેતું જ છું એટલે 'હું જાણું જ છું'. ચેતું છું પછી જાણું છું, દેખું છું એ આવશે. **ચેતતો જ ચેતું છું અર્થાત્ ચેતતો થકો જ ચેતું છું. ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું, ચેતતામાંથી જ ચેતું છું, ચેતતામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું.**

હવે ઉપર જે કહ્યું હતું, **મારા વડે જ, મારા માટે જ,** એમાં આત્માને સીધો લીધો હતો. એમાં એના લક્ષણથી નહોતું લીધું અને આમાં એ ચેતવું એની એક ક્રિયા છે એ ચેતતાથી વાત કરી. **મારા વડે જ, મારા માટે જ,** એ જ શબ્દો આમાં છે. **ચેતતા માટે જ ચેતું છું,** એ અહીંયા એના લક્ષણથી સમજાવ્યું છે. મારા વડે મને હું જાણું છું, મારા વડે જાણું છું તો એ મારું સ્વરૂપ શું? ચેતવું તે મારું સ્વરૂપ છે માટે ચેતનાથી વાત કરી. ચેતતામાંથી જ ચેતું છું, ચેતનારને જ ચેતું છું, જાણનારને જ જાણું છું, દેખનારને જ દેખું છું અથવા નથી ચેતતો, આહા! અભેદ કરે છે હવે.

પહેલાં જ્ઞાન વડે આત્માને જાણવો એવો ભેદરૂપ વ્યવહાર કહ્યો પછી એ જ્ઞાનના પરિણામે પરિણમતો આત્મા એ ચેતતા વડે ચેતતાને ચેતે છે. એ પર્યાય પરિણત આત્માને પર્યાય પરિણત આત્મા વડે એમ કહ્યું હતું. હવે એવા બે ભેદ પડતા હતા એ ચેતતા વડે ચેતતાને ચેતું છું એવા ભેદ પડતા હતા એ ભેદમાં આત્માનો અનુભવ થતો નહોતો.

હું કરું છું એમાં તો તીવ્ર મિથ્યાત્વ છે. પણ હું આત્માને આત્મા વડે જાણું છું એમાં પણ અનુભવ થતો નથી. હું આત્મા વડે પરને કરું છું એ તો તીવ્ર અજ્ઞાન છે. હું આત્મા વડે પરને જાણું છું એમાં પણ આત્માના દર્શન થતાં નથી. પછી આત્મા વડે આત્માને જાણું છું એમાં પણ આત્માના દર્શન થતાં નથી. આત્મા વડે, આત્માને, તો બે આત્મા કયાં છે. આત્મા તો એક જ છે. એના ધર્મના છ ભેદો છે કારક ભેદ, પણ આત્મા તો એક છે.

બહુ સૂક્ષ્મ વાત છે. આહા! સાંભળવા મળે નહીં. સાંભળે તો, વિચાર કરે તો બેસે એવી વાત છે. પોતાના ઘરની વાત છે. **અથવા નથી ચેતતો,** આહાહા! નથી જાણતો. નથી જાણતો એટલે જાણનારાને જાણું છું એવો જે વિકલ્પ તે મારામાં નથી. જાણનારાને-દેખનારાને હું ચેતું છું એવો જે વિકલ્પ ઊઠે છે એ વિકલ્પ મારામાં નથી. જયાં એ વિકલ્પનો અભાવ થાય ત્યાં નિર્વિકલ્પ આત્માનો અનુભવ શાંતિ પ્રગટ થાય છે. **નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો,** અથવા નથી ચેતતો છે ને. આગળ. **નથી ચેતતો થકો ચેતતો,** કર્તાનો વિકલ્પ ગયો.

**નથી ચેતતા વડે ચેતતો,** કરણનો વિકલ્પ ગયો. કરણ રહી ગયું પણ કરણનો વિકલ્પ છૂટી ગયો. કર્તા બન્યો કર્તાનો વિકલ્પ ગયો. કરણ-સાધન, કરણ રહી ગયુ. કરણ આત્માનો સ્વભાવ છે. પણ ઓલો ભેદ પડતો હતો ચેતતા વડે, ચેતતો તો એમાં કરણ નામના કારકનો ભેદ ઉઠતો હતો.

આહાહા! આ તો મોક્ષ કેમ થાય એના ઉપાયની આ વાત ચાલે છે. મોક્ષ થયો નથી અનંતકાળથી. ચાર ગતિમાં રખડે છે. આહા! મોક્ષમાર્ગ મળે તો મોક્ષ થાય.

જીવ છે, નિત્ય છે, કર્તા છે, ભોકતા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. આ મોક્ષના ઉપાયની વાત ચાલે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ આત્માને આશ્રયે જે વીતરાગભાવ પ્રગટ થાય, વીતરાગતા તે મોક્ષનો માર્ગ છે. રાગ તે બંધનો માર્ગ છે. **નથી ચેતતા વડે ચેતતો,** લ્યો! કરણ નામના કારકનો જે વિકલ્પ ઉઠતો હતો એ વિકલ્પ છૂટયો. કરણ નામનું સાધન રહી ગયું. કરણ નામના સાધનનો નિષેધ નથી. પણ કરણ નામના સાધનના ભેદનો નિષેધ છે.

કરણ નામના સાધનના લક્ષે જે વિકલ્પ ઉઠતો હતો એ કર્તા, કરણ એક આત્મા જ છે ત્યાં કરણ સંબંધેનો વિકલ્પ છૂટી ગયો. એને નથી એમ કહેવામાં આવે છે. ઊંડાણની વાત છે. આહા! ચત્રભૂજભાઈ! આ આત્માનું સ્વરૂપ છે, હોં! આ સમજયા વિના છૂટકારો નથી. આજ સમજે કે કાલ સમજે પોતાના સ્વરૂપને સમજવું છે.

મુમુક્ષુ :- એક કારકનો વિચાર કરે તો બીજા કારક રહી જાય છે.

ઉત્તર :- રહી જાય છે. એ તો કારકનું લક્ષ થયું એકનું, કરણ-સાધન તો તેના લક્ષથી વિકલ્પ થયો. છ કારક એકદમ એક સમયમાં અભેદપણે જ્ઞાનમાં ઉપયોગમાં ન આવ્યો. એકને કરે ત્યાં બીજું રહી જાય. બીજું કરે તો ત્રીજું રહી જાય. એટલે ધર્મના ભેદનો નિષેધ છે. આ જે કારકના ભેદો છે એના ધર્મો છે એ ભેદનો નિષેધ કરે છે. માટે નથી થતું એમ.

મુમુક્ષુ :- કારકનો નિષેધ નથી કારકના ભેદનો નિષેધ છે.

ઉત્તર :- કારકના ભેદનો નિષેધ છે.

હું કર્તા છું એ કર્તા નામની, કારક નામની એક શકિત છે, કરણ. કરણ એટલે કે કાર્યની ઉત્પત્તિમાં જે કારણ થાય તેને કારક કહેવામાં આવે છે. ફરીથી. કાર્યની ઉત્પત્તિ થાય, કાર્ય તો આત્માનો અનુભવ. કાર્ય શું અહીં છે? આત્માનો અનુભવ કરવો એ કાર્ય છે. કરવાયોગ્ય તો આત્માનો અનુભવ છે. રાગ કરવાયોગ્ય, હવે કરવાયોગ્ય જે કાર્ય આત્માનો અનુભવ એ કાર્ય. હવે કાર્યની ઉત્પત્તિમાં અનુભૂતિ એટલે કાર્ય એની ઉત્પત્તિમાં જે કારણ થાય તેને પરમાત્મા કારક કહે છે.

કાર્યની ઉત્પત્તિમાં જે કારણ થાય તેને કારક કહેવામાં આવે છે. એ કારકના છ ભેદ. કર્તા નામનું કારક, કરણ નામનું કારક, સંપ્રદાન નામનું કારક, અપાદાન નામનું કારક, આધાર કારક અને કર્મ કારક એમ છ પ્રકારના કારકો છે. હવે એમાં એક એક કારક ઉપર લક્ષ જાય છે ત્યાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે. નિર્વિકલ્પ આત્માનો અનુભવ થતો નથી. માટે હવે એક એક કારકના લક્ષે થતો ભેદ ને ભેદના લક્ષે

થતો વિકલ્પ તેનો અભાવ થઈને નિર્વિકલ્પ અનુભવ થાય છે.

**નથી ચેતતા વડે ચેતતો,** આહા! પહેલાં નથી **ચેતતો થકો ચેતતો,** એ કર્તા નામનું જે કારક કે 'હું કર્તા છું' 'હું કર્તા છું' આ જે જ્ઞાનક્રિયા થાય એનો 'હું કર્તા છું' એવો જે કર્તા નામનું કારક છે એનો જે વિકલ્પ એ વિકલ્પ ઉઠતો હતો ત્યાં સુધી આત્મા રાગનો કર્તા થતો હતો, પણ જ્ઞાનનો કર્તા થતો નથી. એકદમ ઊંડાણની છેલ્લી ટોચની વાત છે, મોક્ષ થવાની. અરે! સત્‌ની વાત સાંભળી હશે તોપણ કામ આવશે કોઈક દિવસ કે આવું સંતો કહી ગયા છે.

એ કર્તા નામના કારકનો નિષેધ કર્યો, નથી. પછી કરણ નામનું કારક એના વડે આત્મા જણાય છે. તો એનો નિષેધ કરવા માટે નથી શબ્દ વાપર્યો. નથી ચેતતા વડે ચેતતો. નથી છે તે વિકલ્પના અભાવપૂર્વક છે. અને વિકલ્પની ઉત્પત્તિ કારકના ભેદથી થતી હતી. એ કારક અભેદ થાય તો વિકલ્પ છૂટી જાય.

મુમુક્ષુ :- કારકના લક્ષથી વિકલ્પની ઉત્પત્તિ થતી હતી. વિકલ્પના નિષેધને માટે કારકના ભેદનો નિષેધ કર્યો.

ઉત્તર :- નિષેધ કર્યો નથી શબ્દ લગાવ્યો. કે અભેદ તું આત્માને જાણી લે. હું કર્તા છું ને હું કરણ છું ને હું સાધન છું. એવા વિચારોથી કોઈ સાધ્યની સિદ્ધિ (થતી) નથી. વિચારો છે એ મનનો ધર્મ છે અને અનુભવ છે એ જ્ઞાનનો ધર્મ છે. મનના ધર્મથી આત્માનો અનુભવ થતો નથી. આ બધા અત્યારે ધ્યાનમાં બેસે છે. અહીંયા નજીકમાં છે ને. ઈગતપૂરી. બધા ધ્યાનમાં બેસે છે. આહા!

એક જણો કહે હું દસ વખત ગયો ત્યાં શિબિરમાં. કીધું ઠીક છે. દસ વખત ગયા? તો કહે હા, ધ્યાનમાં બેસો છો? તો કહે હા. બહુ શાંતિ દેખાય છે. ધ્યાન તમે કોનું કરો છો? કહે ઈ ખબર નથી. ધ્યાન હંમેશા ધ્યેય વગર ન હોય. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન. બે ધ્યાન સંસારનું કારણ, આર્તધ્યાન-રૌદ્રધ્યાન. એમાં નિમિત્તનું લક્ષ હોય છે.આર્તધ્યાન-રૌદ્રધ્યાન એમાં પરિણામનું ધ્યેય પર પદાર્થ હોય છે.

હવે ધર્મધ્યાન અને શુકલધ્યાન એ ધ્યાન છે. એ ધ્યાનનું ધ્યેય શુદ્ધાત્મા બને છે. એ શુદ્ધાત્માના ધ્યાન વગર ધર્મધ્યાન ત્રણકાળમાં પ્રગટ ન થાય. માનસિક શાંતિ દેખાય, છેતરાય જાય. છેતરાય જાય. કરોડ રૂપિયો થાય ને, આહા! અમારા જેવો કોઈ સુખી (નથી.) છેતરાણો. ચત્રભૂજભાઈ! હેં? અમારા મૂળજીભાઈ સેક્રેટરી હતા સેક્રેટરી. અરે! લાલચંદભાઈ! આ આપણા ગુરુદેવ કહે છે કે તમે બધા દુઃખી દુઃખી દુઃખી પણ અમારા જેવો તો કોઈ અમને સુખી લાગતો નથી. અમને ચોથા આરા જેવું સુખ છે. પૈસો છે અઢળક, વ્યાજ રાત ને દિવસ સુધી આવ્યા કરે. દીકરાઓ કહ્યાગરા. પત્ની પણ અનુકૂળ, બધું

કુટુંબ અનુકૂળ. આહા! અમારા જેવું તો કોઈ સુખી (નથી.) અમને ચોથા આરા જેવું સુખ છે.

અરે! ભાઈ! આ તો દુઃખના દાળીયા છે. એમાં કાંઈ છે નહીં. કલ્પનાનું સુખ. આહા! જાંજવાના જળ છે. એમાં સુખ બુખ નથી. પણ એને બેસવું જોઈએ ને? કે સુખ અંતરમાં છે, અંતરમાં શોધે તો મળે. બહાર પદાર્થમાં સુખ નથી. જો સુખ બહાર પદાર્થમાં હોત તો શાંતિનાથ ભગવાન છ ખંડના ધણી હતા. દીક્ષા લઈને જંગલમાં કેમ ચાલ્યા ગયા? જો સુખ હોત તો શા માટે દીક્ષા લેત? ભરત મહારાજા શા માટે દીક્ષા લેત? શાંતિનાથ-કુંથુનાથ- અરનાથ, ત્રણ એક સાથે ચક્રવર્તી. ચક્રવર્તી થઈને તીર્થંકર થયા છે. એમ કોઈ કોઈ તીર્થંકરને ચક્રવર્તી પદ પણ સાથે હોય છે. કોઈને આગળ પાછળ હોય છે.

જેમકે ભગવાન મહાવીરને, ભગવાન મહાવીર તીર્થંકર થયા તેની પહેલાં એક વખત પર્યાયમાં તેઓ ચક્રવર્તી પણ થઈ ગયા. કોઈને આગળ પાછળ ચક્રવર્તી પદ હોય અને કોઈને એક સાથે પર્યાયમાં હોય છે. પણ ચક્રવર્તીમાં જો સુખ હોય તો શા માટે છન્નું હજાર રાણીઓનો ત્યાગ કરીને જંગલમાં જાય. કંચન અને કામીનીનો ત્યાગ કરીને જાય. આહાહા! જંગલમાં જાય ત્યારે લોહીની ધાર પગમાં નીકળે, હોં! કોઈ દિ’ ગાલીચા ઉપરથી નીચે પગ નહોતો મુકયો ચક્રવર્તીએ. અને કાંટા અને કાંકરામાં જાય. લોહીની ધાર થાય. ખબર નથી હોતી. ખબર નથી ઉપયોગ એના તરફ નથી. લોહી નીકળે છે કે નહીં એની એને ખબર નથી. એ તો આત્માના આનંદમાં ઝૂલે છે. આનંદનું ભોજન કરે છે. કોનું લોહી ને કોનું શરીર ને કોનું દુઃખ. દુઃખથી ભિન્ન સુખમય આત્મા ઉપર દૃષ્ટિ પડી છે. આહા! દુખ દુઃખમાં છે, સુખમય આત્મા સુખમાં બિરાજમાન છે. કોઈ અપૂર્વ મુનિદશા, આહા! ણમોલોએ સવ્વસાહૂણં, આહા! ગણધર જેને નમસ્કાર કરે. એ સાધુ કેવા હોય. આહા!

કહે છે કરણ નામના સાધન એવો એક કારકના એક ભેદ ઉપર લક્ષ જાતા એને આત્માની અનુભૂતિમાં એ બાધક તત્ત્વ છે. કાલે નાનુભાઈ કોઠારી આવ્યા હતા. એણે પ્રશ્ન કર્યો, કે આત્માની અનુભૂતિ કેમ થાય? તમારે ત્યાં ઉતર્યા છે ને? કે ભાઈ અનુભૂતિ કેમ થાય એ પછી પણ અનુભૂતિમાં બાધક શું છે એ તો ખ્યાલ લ્યો! આહા! પણ કાંઈ ન મળે અભ્યાસ તત્ત્વનો.

આત્મા જ્ઞાતા છે કે કર્તા છે? પહેલામાં પહેલા પાયાની વાત આ છે. આત્મા જાણનાર છે કે કરનાર છે? નક્કી કોણ કરશે? પોતાએ કરવાનું છે. કોઈ નક્કી કરાવી નહીં દયે. આહા! કેવળ જાણનાર છે. કેવળ જાણનાર છે. કથંચિત કરનાર અને કથંચિત ન કરનાર એમ છે નહીં. આહા! આમાં લખ્યું છે ને? શું લખ્યું છે?

શ્રોતા :- આત્મા કેવળ જાણનહાર છે, કર્તા નથી.

ઉત્તર :- આત્મા કેવળ જાણનહાર છે, કર્તા નથી.

આ ચત્રભૂજભાઈએ અહીં બોર્ડ માર્યું છે, બોલો! એ રોજ વાંચવું. અહીં દર્શન કરવા આવે ત્યારે આ વાંચી લેવું. અહીંયા ઉતારવું, હોં! અહીંયાં. બીજા ઉપર નજર નહીં કરવાની. આહા! આ સ્વાધ્યાય હોલ પણ રાખ્યો છે. આ ઉતરવાનું તો કર્યું પણ આ સ્વાધ્યાય હોલ પણ રાખ્યો છે, આહા! શું કહે છે પ્રભુ! એક વાર અંદરની વાત, આહાહા! એ આત્મા વડે આત્માને જાણું છું એમાં આત્મા જણાતો નથી. આત્મા વડે આત્માને જાણું એમાં ન જણાય? ત્યારે આત્મા વડે આને જાણું તો આત્મા જણાય? કે એમાં તો દિલ્હી બહુ દૂર છે.

**નથી ચેતતા વડે ચેતતો,** કરણના વિકલ્પનો નિષેધ નથી. **નથી ચેતતા માટે ચેતતો,** આહા! સંપ્રદાન નામનો એક કારક છે. ક્રિયાના કારણને કારક કહેવામાં આવે છે. ક્રિયા થાય છે અનુભૂતિની એને ક્રિયા કહેવાય અને એનું જે કારણ એને કારક કહેવાય. એ કારકના છ ભેદ છે. એ છ ભેદ એક સમયમાં અભેદભાવે જ્ઞાનમાં જ્ઞેય થાય ત્યારે અનુભવ થાય. અનુભૂતિ તો એક ક્રિયા છે.એ ક્રિયાના કારકો છ છે. એ છ કારકો એક સમયમાં અભેદભાવે જ્ઞાનમાં જ્ઞેય થાય ત્યારે આત્માનો અનુભવ થાય, આત્માના દર્શન. ત્યારે તેને હજી સમ્યગ્દર્શન થયું, ચારિત્ર તો બહુ વાર. ચારિત્ર તો કોઈ અલૌકિક ચીજ છે.

**નથી ચેતતા માટે ચેતતો,** આહા! સંપ્રદાન નામનું જે કારક છે એ કારક ઉપર વિશેષણ લગાડયું કે 'નથી' 'હું સંપ્રદાન નથી' સંપ્રદાનનો ભેદ મારામાં નથી. હું તો અભેદ સામાન્ય ટંકીત્કીર્ણ જ્ઞાયક એક ભાવ છું, આહાહા! ત્યાં તો દૃષ્ટિ અંદરમાં જાય છે. વિકલ્પ તૂટી જાય છે અને અનુભવ થાય છે.

મુમુક્ષુ :- સંપ્રદાનનું પણ જ્ઞાન થઈ જાય છે.

ઉત્તર :- હા, સંપ્રદાનનું જ્ઞાન થઈ જાય છે. પણ સંપ્રદાનના લક્ષે સંપ્રદાનનું જ્ઞાન ન થાય.

મુમુક્ષુ :- સંપ્રદાનનો નિષેધ કરે..

ઉત્તર :- સંપ્રદાન નામના કારકનો નિષેધ કરે કે આ ભેદ મારામાં નથી, હું તો અભેદ છું. આહાહા!

પછી **નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો,** અપાદાન નામનું એક કારક છે. એ કારકના ભેદને ઓળંગીને અભેદમાં આત્મા ચાલ્યો જાય છે. પછી **નથી ચેતતામાં ચેતતો,** એનો આધાર નથી. આહાહા! આધાર નામનું એક કારક છે. એ આધારના ભેદે આત્માનો અનુભવ થતો નથી. એ આધાર આધેયનો ભેદ નીકળી જાય ત્યારે અનુભવ થાય છે. પછી **નથી ચેતતાને ચેતતો,** કર્મ આવ્યું, લ્યો! છેલ્લું કર્મ. પહેલું કર્તા અને છેલ્લું કર્મ.

આત્મા વડે આત્માને જાણું છું એમ નહીં, આત્મા કર્તા અને આત્મા કર્મ. જાણનારો ચેતનારો માટે કર્તા અને જે ચેતવામાં આવ્યો જાણવા-દેખવામાં આવ્યો તે આત્માનું કર્મ. એવા જે કર્મના કારકનો ભેદ ઉઠતો હતો તો કહે છે કે કર્મનો કારક મારામાં નથી. હું તો અભેદ સામાન્ય છું. ત્યારે તેને તથા પ્રકારનો

કારકના ભેદનો વિકલ્પ વિલય પામે છે. તથા પ્રકારનો, તથા પ્રકારનો. તે તે પ્રકારનો, તે તે પ્રકારનો વિકલ્પ. નથી બધામાં લાગે છે ને. તો એનો અભાવ થઈને અનુભવ થાય છે.

**પરંતુ સર્વવિશુધ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.** આહાહા! આ કારકના ભેદોનો નિષેધ કરી અભેદ ષટ્કારકરૂપે અંતર્મુખ થઈ શુધ્ધોપયોગરૂપે આત્મા પરિણમ્યો ત્યારે ભગવાનઆત્માના અંદર દર્શન થયા. આહાહા! દર્શન થાય છે ત્યારે આ દર્શન કરનાર ને દર્શન દેનાર, કર્તા અને કર્મ એવો ભેદ રહેતો નથી. એક જ આત્માના છ નામ છે. કર્તા પણ આત્મા, કર્મ પણ આત્મા, કરણ પણ આત્મા, એવા છ પ્રકારના ભેદના વિકલ્પ તૂટી જાય છે. આહા! આ ગુફામાં અંદરમાં એરકંડીશન છે. તાપ બાપ લાગે નહીં. જયંતિભાઈ! અંદર એરકંડીશન છે, હોં! અંદરમાં જયાં ઉપયોગ ગયો, અસંખ્ય પ્રદેશે શાતા, શાંતિ, શાંતિ, શીતળતા, શીતળતા, શીતળતા, આનંદ, આનંદ, આનંદ. આહાહા!

પરંતુ સર્વવિશુધ્ધ, આહા! સર્વ પ્રકારે વિશેષે કરીને શુધ્ધ ચિન્માત્રભાવ તે હું છું. આહા! આ શરીર મારું નહીં, રાગ મારો નહીં, આ કારકના ભેદ મારા નહીં, અભેદ એકરૂપ આત્મા તે હું છું. એમ અંદરમાં જઈ અને તેને શાંતિના, શાંતિનો શેરડો ફૂટે છે. આહાહા! જેમ ઓલા બાથરૂમમાં, બોમ્બેમાં ઓલું હોય ને, ફુવારા. ફુવારામાંથી ધાર છૂટેને ધાર એકદમ જાણે ઠંડક ઠંડક ઠંડક થઈ જાય. આહા!

એમ અંતરમાં જઈને અનુભવ કરે, અસંખ્યાત પ્રદેશે આનંદના ફુવારા ફુટે. આહાહા! વિશ્વાસ ક્યાંથી બેસે કે સુખ આત્મામાં છે. માન્યું છે પૈસામાં સુખ. આહાહા! દુકાન સારી ચાલે (તો કહે) અમારા જેવો કોઈ સુખી નથી. મૂઢ અજ્ઞાની છે. પરપદાર્થથી કાંઈ સુખ થતું નથી. મૂઢતા છે. આ તો ધર્મની ક્રિયા કેમ થાય તેની ચર્ચા છે. આહા! ધાર્મિક ક્રિયા એ ધાર્મિક ક્રિયાનું ફળ મોક્ષ છે.

**ભાવાર્થ :- પ્રજ્ઞા વડે,** એટલે જ્ઞાન વડે, એટલે આત્મજ્ઞાન વડે, એટલે સ્વસંવેદનજ્ઞાન વડે, અતીન્દ્રિય જ્ઞાન વડે, શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી, આત્મજ્ઞાન તે જ્ઞાન છે. **પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો,** રાગાદિભાવથી ભિન્ન જુદો કરવામાં આવેલો **જે ચેતક,** ચેતક ચેતનારો જાણનાર-દેખનાર એવો આત્મા. **ચેતક તે આ હું છું,** પુણ્ય ને પાપના પરિણામથી બુધ્ધિ હટાવી અને જ્ઞાયકમાં ચિદાનંદ આત્મા ભગવાન શુધ્ધાત્મા જ્ઞાન ને આનંદનો પુંજ એવા સ્વભાવમાં એકાગ્ર થયો. એકાગ્રતાને ધ્યાન કહેવામાં આવે છે. આહાહા!

એ અંદરમાં ઉપયોગની એકાગ્રતા થઈ ત્યાં એને **તે હું છું અને બાકીના ભાવો મારાથી જુદા પર છે.** આ પુણ્ય ને પાપના પરિણામ મારા નથી. મારાથી જુદા છે. એ ચેતનની જાત એમાં નથી. એ એચતન છે. **માટે અભિન્ન છ કારકોથી,** અભિન્ન છ કારકોથી, અભિન્ન છ કારકો એટલે અભેદ ઉપચાર છ કારકોથી, અભિન્ન છ કારકો એટલે અભેદ ઉપચારરૂપ છ કારકોથી **હું જ, મારા વડે જ,**

પર્યાયનો ભેદ કાઢી નાખ્યો અને પર્યાયપરિણત આખું દ્રવ્ય લીધું. પણ આત્મા આત્માનો છે એ પણ અભેદ ઉપચાર છે. ખરેખર એમાં અનુભવ નથી થતો. એ સમ્યક્ની સન્મુખ થઈ ગયો. આહા! શુધ્ધાત્માની સન્મુખ થયો.

મુમુક્ષુ :- એટલે ઉપચાર છે.

ઉત્તર :- એટલે ઉપચાર છે. અભેદ અનુપચારમાં અનુભવ થાય.

**મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'ચેતું છું',** ગ્રહણ કરવું એટલે કાંઈ પકડવું નથી બહારના પદાર્થને. ગ્રહણ કરું છું એટલે જાણું છું મારા આત્માને. **કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.** આહા! રાગની ક્રિયા આત્માની ક્રિયા નથી. રાગની ક્રિયા કરી કરીને નવમી ગ્રૈવેયક ગયો, પણ આહા! 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો' એક આંટો ઓછો નથી થયો. એમ ને એમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ પરાવર્તનમાં રખડે છે. અનંત અનંત અનંતકાળથી જીવ રખડે છે. માંડ નિગોદમાંથી ત્રસમાં આવ્યો અને જો બે હજાર સાગરમાં આત્મભાન ન કર્યું તો ફરીથી એ આત્મા નિગોદમાં ચાલ્યો જાય છે. આહા!

બે હજાર, વધારેમાં વધારે બે હજાર સાગર એનો કુદરત જીવને મોકો આપે છે. એમાં પણ ચાર ગતિમાં મનુષ્યગતિ મળી, એ દુર્લભ છે, અને મનુષ્યગતિમાં પણ જૈનદર્શન મળવું એ દુર્લભ છે અને જૈનદર્શનમાં તાત્ત્વિક વાત સાંભળવી દુર્લભ છે. શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે સમસ્ત ચક્રવર્તીના વૈભવ કરતાં, સમસ્ત ચક્રવર્તી લેવા, એક નહીં. સમસ્ત ચક્રવર્તીના વૈભવ કરતાં પણ અનંતગણો વૈભવ એ જયારે આત્માનો વિચાર કરે ત્યારે તેને અનંતગણો વૈભવ પ્રગટ થાય છે. આહા! એના કરતાં આની કિંમત વધારે છે, એમ. ઓલા ભોગમાં નિમિત્ત છે. આ તો મોક્ષમાં નિમિત્ત થાય. આત્માનો વિચાર તો. આહા!

ચેતવું એક આત્માની ક્રિયા છે. **માટે 'હું ચેતું જ છું' ચેતનારો જ, ચેતનાર વડે જ,** ઓલા મારામાંથી, મારામાંથી કહ્યું હતું ને? હવે તેનો લક્ષણ ભેદ કરીને વાત કરે છે. છે તો બેય વાત, એક જ વાત છે. ઓલું મારામાં હતું આ ચેતનારમાં છે.

મુમુક્ષુ :- મારામાં એટલે ચેતનારમાં.

ઉત્તર :- હા, **ચેતનારમાં જ, ચેતનારો જ, ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું. અથવા દ્રવ્યદષ્ટિએ તો,** આહાહા! કારકના ભેદનો નિષેધ કરીને નિર્વિકલ્પ ધ્યાનમાં મુનિરાજ ચાલ્યા જાય છે. **અથવા દ્રવ્યદષ્ટિએ તો**

**છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુધ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.-આ પ્રમાણે પ્રજ્ઞા વડે,** એટલે જ્ઞાન વડે, અંતરમુખ જ્ઞાન વડે **આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.** ગ્રહણ કરવો એટલે હું જાણનાર છું, કરનાર નથી. કેવળ હું તો જાણનાર છું. ગાથા ૨૯૭ પૂરી થઈ. હવે ૨૯૭ ગાથા પછીનો એક શ્લોક છે ૧૮૨. બોલો બેન! ૧૮૨ નંબરનો શ્લોક.

આચાર્ય ભગવાન ૨૯૭ ગાથા ઉપર ટીકા કર્યા પછી, ટીકાકાર આચાર્ય ભગવાન સ્વતંત્રપણે એના ઉપર એક કળશ ચડાવે છે. જેમ મંદિર ઉપર કળશ ચડાવવામાં આવે એમ ગાથાઓની ટીકા પછી આચાર્ય ભગવાન જે રહસ્ય છે ટૂંકાણમાં ખોલીને કળશ બનાવે છે.

**જે કાંઈ ભેદી શકાય છે,** જે કાંઈ છોડી શકાય છે, જે કાંઈ ત્યાગી શકાય છે, **તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,** સ્વલક્ષણ ચૈતન્ય લક્ષણ મારું છે એ ચૈતન્યલક્ષણ સાથે આત્માને મેળવે છે અને મળી જાય છે. પણ રાગાદિ છે એમાં ચૈતન્યલક્ષણ નથી માટે આત્માથી રાગાદિભાવ ભિન્ન છે એને ભેદીને, એને જુદા કરીને અને છોડીને, જેમ પાણી ઉપર શેવાળ હોય અને પાણી કોઈને પીવું હોય તો શેવાળને હટાવે છે. શેવાળને હટાવીને પાણી પી શકાય છે. એમ જે કાંઈ રાગાદિ પરાશ્રિત ભાવો છે, એને ભેદીને, એને છોડીને, એને ત્યાગીને, એનું લક્ષ છોડીને **જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે,** આહા! આ આત્મા છે એનું લક્ષણ, ચિહ્ન, એંધાણ ચિન્મુદ્રા છે. ચૈતન્યની મુદ્રાથી લક્ષિત ભગવાનઆત્મા છે. એમાં એકલું ચૈતન્ય ભર્યું છે. એમાં રાગ નથી, દ્વેષ નથી, સુખ નથી, દુઃખ નથી. કલ્પનાનું દુઃખ એમાં નથી.

**ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ,** જેમાં કોઈ પણ પ્રકારના કારકના ગુણભેદ એવા કોઈ ભેદો એમાં નથી. નિર્વિભાગ અભેદ એક છે વસ્તુ. **નિર્વિભાગ મહિમા છે. અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગ રહિત જેનો મહિમા છે.** શું કહે છે કે સ્વલક્ષના બળથી જે ભેદી શકાય છે એને તો જુદા કર્યા. પણ અભેદમાં જઈને ભેદને પણ છોડી દીધો. ઓલા ભિન્નને છોડયા અને આ ભેદને પણ છોડયા. વિભાગ રહિત જેનો મહિમા છે. એવો શુધ્ધ ચૈતન્ય જ હું છું. એવો એક શુધ્ધ ચૈતન્ય પરમાત્મા વર્તમાનમાં હું છું. એમ સાધક આત્માનું ધ્યાન કરે છે. ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના કદી પણ ધર્મધ્યાન પ્રગટ થઈ શકે નહીં. અન્યમતિ ધ્યાન કરવા બેસે છે પણ કોનું ધ્યાન કરે? આત્માની તો કાંઈ ખબર નથી. આહા!

**વિભાગ રહિત જેનો મહિમા છે એવો શુધ્ધ ચૈતન્ય જ હું છું.** હવે આગળ. **જો કારકોના,** એટલે કર્તા-કર્મ આદિ કારકોના **અથવા ધર્મોના,** એટલે નિત્ય-અનિત્ય, એક-અનેક, સત્-અસત્ એ ધર્મો કહેવાય. **અથવા ગુણોના,** જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ગુણો છે. એ **ભેદો પડે, તો**

**ભલે પડો.** એટલે કે એ અભેદમાં અંદરમાં એટલા ભેદો હો તો ભલે હો. ભેદનો અભાવ ન થઈ શકે. સોનામાં પીળાશ, ચીકાશ એ બધું છે. એ ભેદનો અભાવ ન થાય. ભેદનો અભાવ થાય તો સોનાનો નાશ થાય પણ સોનું પીળું છે અને સોનું ચીકણું છે. એવા ભેદના લક્ષે જે સોનાનો અનુભવ નહોતો થતો એ ભેદનું લક્ષ છોડે તો સોનું તો સોનું જ છે. એના ગુણભેદ કે કારકભેદ બધું છૂટી જાય છે.

**કારકોના અથવા ધર્મોના અથવા ગુણોના ભેદો પડે તો ભલે પડો,** એટલે ભેદો તો છે. છ કારક છે, નિત્ય-અનિત્ય પણ એમાં ધર્મભેદ છે. અને જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણભેદ પણ અંદરમાં છે. ભેદો પડે તો ભલે પડો. **પરંતુ,** આહા! **વિભુ,** જુઓ! નીચે ફૂટનોટમાં વિભુનો અર્થ છે. **વિભુ = દૃઢ, અચળ, નિત્ય, સમર્થ, સર્વ ગુણપર્યાયોમાં વ્યાપક** એને વિભુ કહેવામાં આવે છે.

**વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત)** જે પહેલી લીટીમાં કહ્યું હતું ને? **જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,** એ વિભાવને રહિત કહ્યું. **એવા શુદ્ધ સમસ્ત વિભાવોથી રહિત ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.** આ રાગથી તો રહિત છે. ભેદો હોવા છતાં ભેદથી રહિત અભેદ છે. એમ. **ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)** (ગ્રહણ) કરવો એટલે આત્માને અંતરમાં જઈ અને જાણનારને જાણવો. આહા! જાણતા તો બધાને આવડે છે. જાણવાની ક્રિયા તો થયા જ કરે છે. પણ પરને જાણવા રોકાણો. પોતાને જાણવાનો પ્રયત્ન નથી કરતો.

જો જાણનારને જાણવાનો પ્રયત્ન કરે તો આત્માના દર્શન વર્તમાનમાં પંચમકાળમાં પણ થઈ શકે છે. મોક્ષમાર્ગ પ્રગટ થાય. ભલે અત્યારે સીધો મોક્ષ નથી. ડાયરેકટ નથી ઈનડાયરેકટ છે. સ્વર્ગમાં જઈ અને પછી ત્યાં ચોથો કાળ હોય ત્યાં સાધના કરીને મોક્ષમાં જાય. જેમ શ્રીમદ્ રાજચંદ્રજી અત્યારે સ્વર્ગમાં છે. પછી મનુષ્ય થશે અને સાધના પૂરી કરીને પરમાત્મદશા પ્રગટ કરશે.

卐